Signature of Invigilators

1. ..............................

2. ..............................

Roll No. [ ] [ ] [ ] [ ] [ ]

(In figures as in Admit Card)

# EDUCATION

## Paper II

Roll No. ..............................

..............................

(In words)

**J—1302**

Name of the Areas/Section (if any) ..............................

Time Allowed : 75 Minutes] [Maximum Marks : 100

SEAL

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of *fifty* **(50)** multiple choice type questions. *All* questions are compulsory.
3. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter A question should entirely be contained within the corresponding square.

   Correct method **A** Wrong Method A or A
4. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under paper II only
5. Read instructions given inside carefully.
6. One sheet is attached at the end of the booklet for rough work.
7. You should return the test booklet to the invigilator at the end of paper and should not carry any paper with you outside the examination hall.

**પરીક્ષાર્થીઓ માટેની સૂચનાઓ :**

૧. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.

૨. આ પ્રશ્નપત્રમાં કુલ **પચાસ (50)** બહુવિકલ્પીય ઉત્તરો ધરાવતા પ્રશ્નો આપેલા છે. **સભી** પ્રશ્ન અનિવાર્ય છે.

૩. પ્રત્યેક પ્રશ્ન વધુમાં વધુ ચાર બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવે છે. જે (A), (B), (C) અને (D) વડે દર્શાવવામાં આવ્યા છે. પ્રશ્નનો ઉત્તર કેપીટલ સંજ્ઞા વડે આપવાનો રહેશે. ઉત્તરની સંજ્ઞા આપેલ ખાનામાં બરાબર સમાઈ જાય તે રીતે લખવાની રહેશે.

ખરી રીત : **A** ખોટી રીત : A , A

૪. આ પ્રશ્નપત્રના જવાબ આપેલ ICR Answer Sheet ના Paper II વિભાગની નીચે આપેલ ખાનાઓમાં આપવાના રહેશે.

૫. અંદર આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચો.

૬. આ બુકલેટની પાછળ આપેલું પાનું રફ કામ માટે છે.

૭. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી આ બુકલેટ જે તે નીરીક્ષકને સોંપી દેવી. કોઈપણ પેપર પરીક્ષા રૂમની બહાર લઈ જવું નહી.

# EDUCATION
# શિક્ષણ
## PAPER II
## પ્રશ્નપત્ર–૨

*Note* :—This paper contains **fifty (50)** multiple choice questions, each carrying **two (2)** marks. Attempt *all* questions.

**નોંધ** :– આ પ્રશ્નપત્રમાં પચાસ (૫૦) બહુવિકલ્પ પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નના બે (૨) ગુણ છે. બધા જ પ્રશ્નોના ઉત્તર લખો.

1. As to the question of values :
   (A) The realist and the idealist both obtain their values from man's experience
   (B) The pragmatist and the idealist derive their values from sources outside of man
   (C) The pragmatist and the realist reject supernaturalism as a satisfactory source of values
   (D) The idealist and the realist both obtain their values from intuition and reason

   મૂલ્યના પ્રશ્ને–
   (A) વાસ્તવવાદી અને આદર્શવાદી બન્ને તેમનાં મૂલ્યો મનુષ્યના અનુભવમાંથી તારવે છે.
   (B) વ્યવહારવાદી તથા આદર્શવાદી તેમનાં મૂલ્યો મનુષ્યની બહાર રહેલા સ્રોતમાંથી મેળવે છે.
   (C) વ્યવહારવાદી તથા વાસ્તવવાદી મૂલ્યોના સન્તોષકારક સ્રોત તરીકે અલૌકિકવાદનો અસ્વીકાર કરે છે.
   (D) આદર્શવાદી તથા વાસ્તવવાદી બન્ને તેમનાં મૂલ્યો અન્તઃસ્ફુરણા અને તર્ક દ્વારા મેળવે છે.

2. Cultivation of aesthetic value is difficult because :
   (A) it involves emotional surcharge
   (B) it requires strong, sustained intellectual guidance
   (C) it is content based
   (D) it demands emotional surcharge as well as intellectual guidance

   સૌંદર્યાત્મક મૂલ્ય કેળવવાં કઠિન છે, કારણ કે–
   (A) તે ભાવાત્મક અંશ ધરાવે છે.
   (B) તેને દૃઢ, સતત બૌદ્ધિક માર્ગદર્શનની જરૂર પડે છે.
   (C) તે વિષયવસ્તુ પર આધારિત છે.
   (D) તેને ભાવાત્મકતા તથા બૌદ્ધિક માર્ગદર્શન બન્નેની જરૂર પડે છે

3. The Pragmatists :

(A) reject scientific method of experimentation

(B) maintain that complete objectivity is possible

(C) consider I.Q. as constant and innate

(D) claim that knowledge is tentative and the truth relative

વ્યવહારવાદીઓ–

(A) પ્રયોગની વૈજ્ઞાનિક પદ્ધતિનો અસ્વીકાર કરે છે.

(B) માને છે કે સમ્પૂર્ણ વસ્તુલક્ષિતા શકય છે.

(C) બુદ્ધિઅંકને સ્થિર તથા જન્મદત્ત ગણે છે.

(D) દાવો કરે છે કે જ્ઞાન કામચલાઉ અને સત્ય સાપેક્ષ છે

4. Aurobindo's philosophy is—

(A) Vedantist (B) Integratist

(C) Realists (D) Metaphysical

શ્રી અરવિન્દની ફિલસૂફી છે–

(A) વેદાન્તી (B) સમન્વયવાદી

(C) વાસ્તવવાદી (D) આધિભૌતિક

5. The message of brotherhood and peace was given by :

(A) Islam (B) Christianity

(C) Vedant (D) Jainism

ભ્રાતૃત્વ તથા શાન્તિનો સન્દેશ નીચેનામાંથી કઈ ફિલસૂફીમાંથી મળ્યો હતો ?

(A) ઈસ્લામ (B) ખ્રિસ્તી ધર્મ

(C) વેદાન્ત (D) જૈન ધર્મ

6. Which Indian philosopher says something similar to Kant wherein he says, "what I must presuppose in order to know object, I cannot know as an object."

(A) Charvaka (B) Shankaracharya

(C) Ramanujam (D) Prabhakara

કાન્ત કહે છે : "પદાર્થને જાણવા માટે મારે કંઈ ધારવુંજ પડે, તો તેને પદાર્થ તરીકે હું જાણી શકું નહિ." કયા ભારતીય ફિલસૂફે આના જેવું કહ્યું છે ?

(A) ચાર્વાક (B) શંકરાચાર્ય

(C) રામાનુજમ (D) પ્રભાકર

7. 'Pratityasamutpada' or the theory of dependent origination is the fundamental teaching of :

(A) Hinduism (B) Islam

(C) Jainism (D) Buddhism

'પ્રતીત્યસમુત્પાદ' અથવા પરતન્ત્ર ઉત્પત્તિનો સિદ્ધાન્ત કોનો મૂળ ઉપદેશ છે ?

(A) હિન્દુ ધર્મ (B) ઈસ્લામ

(C) જૈન ધર્મ (D) બૌદ્ધ ધર્મ

8. Aristotle's theory of golden mean is like :

(A) Syadvad

(B) Buddha's theory of ethical 'middle path'

(C) Vedanta

(D) Nigamnaya

એરિસ્ટોટલનો સોનેરી સાધનનો સિદ્ધાન્ત કોના જેવો છે ?

(A) સ્યાદવાદ

(B) બુદ્ધના 'મધ્યમ માર્ગ' નો નૈતિક સિદ્ધાન્ત

(C) વેદાન્ત

(D) નિગમનય

9. The Charvakas are an Indian version of :

(A) Hedonism (B) Pragmatism

(C) Spiritualism (D) Materialism

ચાર્વાકની ફિલસૂફી કોની ભારતીય આવૃત્તિ છે ?

(A) સુખવાદ (B) વ્યવહારવાદ

(C) અધ્યાત્મવાદ (D) ભૌતિકવાદ

10. Who said, "knowledge is the product of experience" and has no independent existence :

(A) John Dewey (B) Plato

(C) Aristotle (D) Bertrand Russell

કોણે કહ્યું છે કે જ્ઞાન અનુભવની નીપજ છે અને તેનું સ્વતન્ત્ર અસ્તિત્વ નથી ?

(A) જોહન ડ્યૂઈ (B) પ્લેટો

(C) એરિસ્ટોટલ (D) બર્ટ્રાન્ડ રસેલ

11. Dharmakirti said, "These shameless and naked Jains make contradictory statements"—which doctrine was he talked about ?

(A) Pramana
(B) Buddha's ethical middle path
(C) Syadvad
(D) Nigamnaya

ધર્મકીર્તિએ કહ્યું "આ નિર્લજ્જ અને નગ્ન જૈનો પરસ્પર વિરોધી વિધાનો કરે છે." અહીં ધર્મકીર્તિએ કયા સિદ્ધાન્ત વિષે કહ્યું છે ?

(A) પ્રમાણ
(B) બુદ્ધનો મધ્યમ માર્ગનો નૈતિક સિદ્ધાન્ત
(C) સ્યાદવાદ
(D) નિગમનય

12. In any definition of educational sociology the key word is :

(A) Individual
(B) Society
(C) Culture
(D) Interaction

શૈક્ષણિક સમાજશાસ્ત્રની કોઈ પણ વ્યાખ્યામાં ચાવીરૂપ શબ્દ છે.

(A) વ્યક્તિ
(B) સમાજ
(C) સંસ્કૃતિ
(D) આંતરક્રિયા

13. In defining social stratification one can say that the term implies :

(A) traits that are socioeconomic in nature
(B) a differentiation which carries social prestige
(C) groups of differing sex, age and intelligence
(D) all the above answers are correct

સામાજિક સ્તરીકરણની વ્યાખ્યામાં નિમ્નલિખિત બાબત સૂચિત છે.

(A) સામાજિક–આર્થિક સ્વરૂપનાં હોય તેવાં લક્ષણો
(B) સામાજિક પ્રતિષ્ઠા દર્શાવતું વિભેદીકરણ
(C) વિભિન્ન જાતીયતા, વય અને બુદ્ધિના જૂથો
(D) ઉપરના બધા ઉત્તરો સાચા છે

14. "Destiny of India is being shaped in her classroom." This statement is quoted in the report of :

(A) Mudaliar Commission
(B) Rammurty Committee
(C) Kothari Commission
(D) Radhakrishnan Commission

'ભારતનું ભાવિ તેના વર્ગ ખંડમાં ઘડાઈ રહ્યું છે.' આ કથન નીચેનામાંથી કયા અહેવાલમાં કહેવાયું છે ?

(A) મુદાલિયાર પંચ
(B) રામમૂર્તિ સમિતિ
(C) કોઠારી પંચ
(D) રાધાક્રિશ્નન પંચ

15. "Secularism as an accepted goal of democracy." It stands for......which one is *not* correct from the following ?

(A) dignity and eqality of man

(B) not imparting spiritual values in educational institutions

(C) making school curriculum value based

(D) having access to spiritual values for all

'ધર્મનિરપેક્ષતા લોકશાહીનું સ્વીકૃત ધ્યેય છે.' નીચેનામાંથી તેને કયું લાગુ પડતું નથી ?

(A) મનુષ્યની ગરિમા અને સમાનતા

(B) શૈક્ષણિક સંસ્થાઓમાં આધ્યાત્મિક મૂલ્યો ન કેળવવાં તે

(C) શાળાના અભ્યાસક્રમને મૂલ્ય આધારિત બનાવવું તે

(D) સર્વને માટે આધ્યાત્મિક મૂલ્યો સુલભ હોવાં તે

16. Talcott Parson's theory of Functionalism considers the significance of—which one is *not* correct from the following ?

(A) Social system (B) Cultural system

(C) Personal system (D) Economic system

ટાલકોટ પારસનનો વ્યવહારુતાનો સિદ્ધાંત નીચેનામાંથી કઈ બાબતની સાર્થકતા દર્શાવતો નથી ?

(A) સામાજિક વ્યવસ્થા (B) સાંસ્કૃતિક વ્યવસ્થા

(C) વૈયક્તિક વ્યવસ્થા (D) આર્થિક વ્યવસ્થા

17. Acculturation is the process of :

(A) Following the latest trends of a culture as opposed to the past traditions

(B) Accepting the innovations required for the development of nation's culture

(C) Developing qualities which affect the culture of a nation

(D) Being influenced by the cultural imperatives of a nation

સંસ્કૃતીકરણએ પ્રક્રિયા છે – જે

(A) ભૂતકાળની પરંપરાઓના વિરુદ્ધમાં સંસ્કૃતિના અદ્યતમ પ્રવાહને અનુસરે છે

(B) રાષ્ટ્રની સંસ્કૃતિના વિકાસ માટે જરૂરી એવા નવવિચારોને સ્વીકારે છે

(C) રાષ્ટ્રની સંસ્કૃતિને અસર કરે એવા ગુણો વિકસાવે છે

(D) રાષ્ટ્રના સાંસ્કૃતિક આદર્શ વડે પ્રભાવિત થાય છે

18. Modernization means :

(A) Getting westernised (B) Atheistic

(C) Joining the elite group (D) Becoming rational

આધુનીકરણ એટલે

(A) પશ્ચિમીકરણ (B) અનૈશ્વરવાદી/નાસ્તિકવાદી

(C) ભદ્રસમાજ સાથે ભળવું (D) તાર્કિક બનવું

19. The elites are :

(A) Highly educated (B) Rich

(C) Very cultured (D) All the three

ભદ્રલોકો હોય છે

(A) ઉચ્ચ શિક્ષણ મેળવેલા (B) ધનિક

(C) ખૂબ સુસંસ્કૃત (D) ઉપરના ત્રણે

20. Population education :

(A) should be taught as a separate subject

(B) could be considered unnecessary

(C) should be integrated with existing subjects

(D) will solve the problem of wastage in education

વસતી શિક્ષણ –

(A) એક જુદાં વિષય તરીકે શીખવવું જોઈએ

(B) બિનજરૂરી ગણી શકાય

(C) હાલના વિષયો સાથે સંકલિત કરવું જોઈએ

(D) શિક્ષણમાં અપવ્યયની સમસ્યાનો ઉકેલ લાવશે

21. "Necessity is the mother of invention." This statement indicates :

(A) Scientific development of society

(B) Intellectual flux in the population of any country

(C) Progress in the industrial aspects of a nation

(D) Social changes happening as a result of man's efforts

'જરૂરિયાત એ શોધખોળની માતા છે.' આ કથન દર્શાવે છે–

(A) સમાજનો વૈજ્ઞાનિક વિકાસ

(B) કોઈપણ રાષ્ટ્રની જનસંખ્યામાં બૌદ્ધિક જુવાળ

(C) કોઈપણ રાષ્ટ્રની ઔદ્યોગિક બાબતોનો વિકાસ

(D) મનુષ્યના પ્રયત્નોના પરિણામરૂપ સામાજિક પરિવર્તનો

22. The term sub-culture is used to indicate :

(A) The culture of the lower strata of the society

(B) The beliefs and customs of traditional groups

(C) The culture of different groups of society

(D) The traditions of tribal groups

'ઉપસંસ્કૃતિ' ની સંકલ્પના નીચેની કઈ બાબત દર્શાવે છે ?

(A) સમાજના નીચલા સ્તરની સંસ્કૃતિ

(B) પરંપરાગત જૂથોની માન્યતાઓ અને રિવાજો

(C) સમાજના વિવિધ વર્ગોની સંસ્કૃતિ

(D) અનુસૂચિત જનજાતિની પરંપરાઓ

23. With which of the following need the physical education teacher *not* concern himself directly ?

(A) The promotion of physical fitness

(B) The promotion of emotional and social maturity

(C) The promotion of attitudes

(D) None of the above, all are his direct responsibility

નીચેનામાંથી કઈ જરૂરિયાત સાથે શારીરિક શિક્ષણના શિક્ષક પ્રત્યક્ષ રીતે સંકળાયેલા નથી ?

(A) શારીરિક ક્ષમતાનો વિકાસ

(B) સાંવેગિક અને સામાજિક પરિપકવતાનો વિકાસ

(C) મનોવલણોનો વિકાસ

(D) ઉપરનામાંથી એકેય નહિ, બધી જરૂરિયાતોનો વિકાસ તેની પ્રત્યક્ષ જવાબદારી છે

24. The best evidence that emotions are learnable is that :

(A) most emotions are not present at birth and, therefore, have been learned

(B) emotional responses can be associated with previously neutral stimuli

(C) they vary in intensity and frequency with the degree of intelligence of the individual

(D) they increase in intensity and frequency with age

સંવેગો અધ્યયનક્ષમ છે તેની શ્રેષ્ઠ સાબિતી એ છે કે

(A) મોટા ભાગના સંવેગો જન્મ સમયે હોતા નથી, અને તેથી તે શીખેલા હોય છે.

(B) સાંવેગિક પ્રતિચારો પહેલેથી તટસ્થ હોય તેવા ઉદ્દીપકો સાથે જોડી શકાય છે.

(C) વ્યકિતની બુદ્ધિના પ્રમાણમાં તેમની તીવ્રતા અને આવૃત્તિમાં ફેરફાર થાય છે.

(D) વય વધતાં તેમની તીવ્રતા અને આવૃત્તિમાં વધારો થાય છે.

25. Sex education should be oriented primarily toward :

(A) answering children's questions on matter of sex

(B) discouraging premature interest in members of the opposite sex

(C) making adolescents aware of the dangers of sex activity

(D) promoting in children healthy attitudes toward sex

જાતીય શિક્ષણ મુખ્યત્વે કઈ બાબત માટે હોવું જોઈએ ?

(A) જાતીયતા અંગે બાળકોના પ્રશ્નોના ઉત્તરો આપવા

(B) બાળકોને કાચી વયે વિજાતીય વ્યક્તિઓમાં રસ લેતાં

(C) તરુણોને જાતીય પ્રવૃત્તિઓનાં જોખમો વિષે જાગૃત કરવા

(D) બાળકોમાં જાતીયતા પ્રત્યે સ્વસ્થ મનોવલણો વિકસાવવાં

26. The "mental development" of the child most closely parallels an increase in :

(A) his ability to memorize

(B) his ability to get along with others

(C) his ability to profit from experience

(D) his stock of knowledge

બાળકનો "માનસિક વિકાસ" નીચેનામાંથી કઈ બાબતમાં વધારાનો સૌથી નિકટનો પર્યાય છે ?

(A) તેની યાદ રાખવાની શક્તિ

(B) તેની બીજાઓ સાથે વ્યવહાર કરવાની શક્તિ

(C) તેની અનુભવમાંથી લાભ લેવાની શક્તિ

(D) તેના જ્ઞાનનું પ્રમાણ

27. "A relatively permanent change in knowledge or behaviour through experience" best defines :

(A) Learning (B) Maturation

(C) Conditioning (D) Reinforcement

"અનુભવ દ્વારા જ્ઞાન કે વર્તનમાં સાપેક્ષ રીતે કાયમી પરિવર્તન" એ નીચેનામાંથી કઈ બાબતની શ્રેષ્ઠ વ્યાખ્યા છે ?

(A) અધ્યયન (B) પરિપક્વતા

(C) અભિસન્ધાન (D) સુદૃઢીકરણ

28. Jaya's optimistic view of the world tends to bias the attributions she makes in a positive direction. This is an example of :

(A) the pollyana effect (B) Similarity bias

(C) Fundamental attribution bias (D) Self-serving bias

જયાનો જગત પ્રત્યેનો આશાવાદી દૃષ્ટિકોણ તે જે આરોપણો કરે છે તેમને હકારાત્મક દિશામાં પૂર્વગ્રહયુક્ત બનાવી શકે. આ શાનું ઉદાહરણ છે ?

(A) પોલ્યાના અસર

(B) સમાનતા પૂર્વગ્રહ

(C) મૂળભૂત આરોપણ પૂર્વગ્રહ

(D) સ્વાર્થસાધક પૂર્વગ્રહ

29. At what stage does abstract thinking begin to develop ?

(A) Concrete operational

(B) Formal operational

(C) Pre-operational

(D) Sensori-motor

કયા તબક્કે અમૂર્ત વિચારણાના વિકાસની શરૂઆત થાય છે ?

(A) મૂર્ત ક્રિયાત્મક

(B) ઔપચારિક ક્રિયાત્મક

(C) પૂર્વક્રિયાત્મક

(D) ઈન્દ્રિય સમ્વેદન–શારીરિક પ્રવૃત્તિશીલ

30. Training in which of the following areas is most likely to result in the greatest transfer ?

(A) Memorization (B) Perception

(C) Habit formation (D) Generalizations

નીચેનામાંથી કયા ક્ષેત્રની તાલીમ સમ્ભવતઃ સૌથી વધારે સંક્રમણમાં પરિણમે છે ?

(A) સ્મરણ (B) પ્રત્યક્ષીકરણ

(C) ટેવોનું ઘડતર (D) સામાન્યીકરણો

31. Which of these statements about suicide is *not* true ?

(A) Suicide is now the second leading cause of death for 15 to 24 year olds

(B) Many suicides go unreported

(C) College students and non-college individuals of the same age range commit suicide at equal rates

(D) More than 10 per cent of those who attempt suicide succeed

આત્મહત્યા વિષેનાં નિમ્નલિખિત વિધાનોમાંથી કયું વિધાન સાચું નથી ?

(A) હવે ૧૫ થી ૨૪ વર્ષની વયની વ્યક્તિઓના મૃત્યુ માટે આત્મહત્યા બીજું મુખ્ય કારણ છે

(B) ઘણી આત્મહત્યાઓનો અહેવાલ અપાતો નથી

(C) સમાન વયના કોલેજના વિદ્યાર્થીઓ અને કોલેજમાં ન જતા લોકોમાં આત્મહત્યાનો દર સમાન છે

(D) પ્રયાસ કરે છે તેમાંથી ૧૦ ટકા કરતાં વધારે લોકો આત્મહત્યા કરવામાં સફળ થાય છે

32. The adjusted person differs from the maladjusted person principally from the standpoint of :

(A) The consciousness of his motives

(B) The effectiveness of his responses in satisfying his needs

(C) The degree of integration of his motives with the welfare of the social order

(D) The singleness of purpose in the attainment of his goals

અનુકૂલિત વ્યક્તિ અપાનુકૂલિત વ્યક્તિ કરતાં મુખ્યત્વે કયા દૃષ્ટિબિન્દુથી જુદી પડે છે ?

(A) પોતાના પ્રેરકો વિષેની સભાનતા

(B) પોતાની જરૂરિયાતો સન્તોષવામાં પોતાના પ્રતિચારોની અસરકારકતા

(C) સામાજિક વ્યવસ્થાના હિત સાથે પોતાના પ્રેરકોના સુમેળનું પ્રમાણ

(D) પોતાનાં ધ્યેયોની પ્રાપ્તિમાં એકલક્ષિતા

33. Communicating anger in a way that is constructive is best accomplished when the individual expressing anger does so in what way ?

(A) a retaliatory fashion

(B) by telling a friend about it

(C) as a spontaneous outburst

(D) thoughtfully to those involved in the anger-producing situation

ગુસ્સાને વ્યક્ત કરનારી વ્યક્તિ કઈ રીતે એને વ્યક્ત કરે તો ગુસ્સાનું પ્રત્યાયન સર્વોત્તમ રીતે રચનાત્મક બને ?

(A) બદલો વાળવાની રીતે

(B) મિત્રને તેના વિષે વાત કરીને

(C) સ્વયંભૂ ઉદ્રેકરૂપે

(D) ગુસ્સાપ્રેરક પરિસ્થિતિમાં સંકળાયેલા લોકો સમક્ષ વિચારપૂર્વક વ્યક્ત કરીને

34. Research is necessary because :

(A) It resolves problems

(B) It helps earn a degree

(C) It helps getting a job

(D) It helps learning about research methods

સંશોધન જરૂરી છે કારણ કે –

(A) તે સમસ્યાઓનો ઉકેલ લાવે છે.

(B) તે પદવી મેળવવામાં મદદરૂપ થાય છે.

(C) નોકરી મેળવવામાં મદદરૂપ થાય છે.

(D) સંશોધનની પદ્ધતિઓ વિશે શીખવા માટે મદદરૂપ થાય છે

35. Research is conducted to :

(A) collect new facts

(B) create new knowledge

(C) interpret existing information

(D) All of the above

સંશોધન શા માટે થાય છે ?

(A) નવી હકીકતો ભેગી કરવા

(B) નવા જ્ઞાનનું સર્જન કરવા

(C) ઉપલબ્ધ માહિતીનું અર્થઘટન કરવા

(D) ઉપરનાં બધાંય

36. Scientific knowledge can only be corroborated but it is not verifiable. So says Karl Popper because :

(A) Theories of science are conjectures

(B) Empirical evidence is insufficient to help in this regard

(C) Progress of science is through a process of refutations

(D) All of these statements are correct

કાર્લ પોપ્પર કહે છે કે વૈજ્ઞાનિક જ્ઞાનની માત્ર પુષ્ટિ કરી શકાય, પણ તેને ચકાસી શકાતું નથી. શા માટે ?

(A) વિજ્ઞાનના સિદ્ધાન્તો અટકળો છે

(B) આ બાબતમાં અનુભવનિષ્ઠ પુરાવાઓ અપૂરતા છે

(C) વિજ્ઞાનની પ્રગતિ ખંડનોની પ્રક્રિયા દ્વારા થાય છે

(D) ઉપરનાં બધાં વિધાનો સાચાં છે

37. There will be no significant difference between measures of achievement of high and low creative students. This is a hypothesis written in the form of :

(A) Directional (B) Interrogative

(C) Null (D) Theoretical

"ઉચ્ચ અને નિમ્ન સર્જનાત્મકતાવાળા વિદ્યાર્થીઓની સિદ્ધિના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય." આ ઉત્કલ્પના કયા સ્વરૂપમાં લખાયેલી છે ?

(A) દિશાસૂચક (B) પ્રશ્નાર્થ

(C) શૂન્ય (D) સૈદ્ધાન્તિક

38. Stratified random sampling :

(A) uses existing physical conditions in order to form groups

(B) takes random samples from each sub-group

(C) is less efficient than simple random sampling

(D) needs more subjects than simple random sampling

સ્તરીકૃત યદૃચ્છ નમૂના–પસંદગી

(A) જૂથોની રચના માટે અસ્તિત્વ ધરાવતી ભૌતિક પરિસ્થિતિઓનો ઉપયોગ કરે છે.

(B) દરેક પેટાજૂથમાંથી યદૃચ્છ નમૂનાઓ લે છે.

(C) સાદી યદૃચ્છ નમૂના પસંદગી કરતાં ઓછી કાર્યક્ષમ છે.

(D) સાદી યદૃચ્છ નમૂના પસંદગી કરતાં વધારે પાત્રોની જરૂરિયાત ધરાવે છે.

39. The selection of appropriate comparison groups is crucial in *ex post facto* research because :

(A) The groups must be equal in all respects except the independent variable

(B) The groups must be about the same with respect to the dependent variable

(C) Otherwise the groups would not be comparable

(D) If the groups are incorrectly chosen, rival hypotheses may be more plausible

કારણ તુલનાત્મક સંશોધનમાં યોગ્ય તુલનાત્મક જૂથોની પસંદગી ચાવીરૂપ છે, કારણ કે–

(A) સ્વતંત્ર ચલ સિવાય બાકી બધી બાબતોમાં જૂથો સમાન હોવાં જોઈએ.

(B) પરતંત્ર ચલતી બાબતમાં જૂથો લગભગ સમાન હોવાં જોઈએ.

(C) અન્યથા જૂથો તુલનાક્ષમ ન બને.

(D) જો જૂથો ખોટી રીતે પસંદ થાય, તો પ્રતિસ્પર્ધી ઉત્કલ્પનાઓ વધારે વાજબી ઠરે.

40. Which design has the weakest internal validity ?

(A) One-group post-test only (B) One-group pretest-post-test

(C) A-B-A-B single-subject design (D) Time-series design

નીચેનામાંથી કઈ યોજનાની આંતરિક યથાર્થતા સૌથી વધારે નબળી છે ?

(A) એક જૂથ માત્ર ઉત્તર કસોટી (B) એક જૂથ પૂર્વ કસોટી ઉત્તર કસોટી

(C) અ–બ–અ–બ એકપાત્રીય યોજના (D) સમય શ્રેણિ યોજના

41. The essential difference between the laboratory experiment and the field study experiment lies in :

(A) The logic and purpose of research

(B) The manipulation of independent variables

(C) Testing hypothesis

(D) Randomization

પ્રયોગશાળાના પ્રયોગ તથા ક્ષેત્ર અભ્યાસના પ્રયોગમાં પાયાનો તફાવત શો હોય છે ?

(A) સંશોધનના તર્ક તથા હેતુ

(B) સ્વતંત્ર ચલનું નિયંત્રણ

(C) ઉત્કલ્પનાની ચકાસણી

(D) યદૃચ્છીકરણ

42. Why intelligence tests are held in high regards by educational researcher and school personnel ?

(A) Standardised format

(B) Generalised format

(C) Instructional efficiency

(D) Success in predicting school achievement

શૈક્ષણિક સંશોધક તથા શાળેય કર્મચારીઓ બુદ્ધિ કસોટીઓને અત્યન્ત મહત્વની શા માટે ગણે છે ?

(A) પ્રમાણિત સ્વરૂપો

(B) સામાન્યીકૃત સ્વરૂપો

(C) શૈક્ષણિક કાર્યક્ષમતા

(D) શાળેય સિદ્ધિની આગાહી કરવામાં સફળતા

43. Which of the following variables is experimentally most measurable ?

(A) Students' ability

(B) Teaching methods

(C) Socio-economic level of community in which school is located

(D) Student age

નીચેનાં ચલોમાંથી કયું ચલ ઘણું કરીને પ્રાયોગિક રીતે માપી શકાય તેવું છે ?

(A) વિદ્યાર્થીઓની શકિત

(B) અધ્યાપનની પદ્ધતિઓ

(C) શાળા જયાં આવેલી છે તે સમાજનું સામાજિક આર્થિક સ્તર

(D) વિદ્યાર્થીની વય

44. What is the disadvantage of attitude scales ?

(A) Subjects' responses may not reflect their true attitudes

(B) They require highly trained raters to ensure accurate scoring

(C) They usually have low construct validity

(D) They usually have low test-retest reliability

મનોવલણ માપદંડોની શી મર્યાદા છે ?

(A) વિદ્યાર્થીઓના પ્રતિચારો તેમનાં સાચાં મનોવલણો ન દર્શાવે.

(B) ચોકસાઈપૂર્વકના ક્રમાંકન માટે ઉચ્ચ તાલીમ પામેલા ક્રમાંકનકર્તાઓની જરૂર પડે છે.

(C) સામાન્ય રીતે તેમની ઘટક યથાર્થતા નીચી હોય છે.

(D) સામાન્ય રીતે તેમની કસોટી – પુનઃ કસોટી વિશ્વસનીયતા નીચી હોય છે.

**Instruction (Q. No. 45 to 50)**

Read the passage given below and answer the questions **45** to **50** that follow based on your understanding of the passage :

A good environmental education programme will take students into an environment when appropriate. School sites offer an easily accessible learning environment where problems, projects and other activities can become real and meaningful.

The local environmental education development programme should involve a steering committee for school and community site development consisting of citizens, administrators, teachers and students and special consultants or advisors. This committee would oversee the development of sites for educational use, environmental improvements such as landscaping and beautification, and community use such as natural outdoor recreational areas for citizens and visitors. Student involvement should be stressed in the development of these sites as in the selection of other sites in the community which may be used as examples of environmental management practices.

**સૂચના : (પ્ર. નં. ૪૫ થી ૫૦)**

નીચે આપેલો ગદ્યખંડ વાંચો અને તે ગદ્યખંડ વિષેની તમારી સમજને આધારે તેની નીચે આપેલા પ્રશ્નક્રમાંક **૪૫** થી **૫૦** ના ઉત્તરો આપો :

પર્યાવરણ શિક્ષણનો સારો કાર્યક્રમ જ્યારે યોગ્ય હોય ત્યારે વિદ્યાર્થીઓને પર્યાવરણમાં લઈ જાય છે. શાળાની જગ્યાઓ સુલભ અધ્યયન પર્યાવરણ પૂરું પાડે છે. ત્યાં સમસ્યાઓ, પ્રોજેક્ટો અને અન્ય પ્રવૃત્તિઓ વાસ્તવિક અને અર્થપૂર્ણ બને છે.

પર્યાવરણ શિક્ષણના વિકાસના સ્થાનિક કાર્યક્રમ માટે એક નિયામક સમિતિ હોવી જોઈએ. આ સમિતિનું મુખ્ય કાર્ય શાળા અને સમાજનાં સ્થળોનો વિકાસ કરવાનું હોવું જોઈએ. તેમાં નાગરિકો, વહીવટકર્તાઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને નિષ્ણાત સલાહકારો હોવા જોઈએ. આ સમિતિ શૈક્ષણિક ઉપયોગ માટે જગ્યાઓના વિકાસની દેખરેખ કરે. જગ્યાઓને કુદરતી દેખાવવાળી તથા સુન્દર બનાવીને વાતાવરણની સુધારણા આ સમિતિ કરી શકે. વળી, આ સમિતિ સ્થાનિક સમાજના ઉપયોગ માટે પણ જગ્યાઓનો વિકાસ કરવા મેદાનોમાં નાગરિકો તથા મુલાકાતીઓ માટે મનોરંજનનાં પ્રાકૃતિક વિસ્તારોનો વિકાસ કરી શકે. આવી જગ્યાઓના વિકાસમાં તથા સમાજમાં એવી બીજી જગ્યાઓની પસંદગીમાં વિદ્યાર્થીઓની ભાગીદારી હોવી જોઈએ કે જે જગ્યાઓ પર્યાવરણના સંચાલનની પ્રવૃત્તિઓનાં ઉદાહરણો તરીકે ખપમાં લઈ શકાય.

45. Environmental education is important, because—

(A) Children demand (B) Parents demand

(C) Society demands (D) It is good for all

પર્યાવરણ શિક્ષણ મહત્વનું છે, કારણ કે –

(A) બાળકો તેની માંગ કરે છે. (B) વાલીઓ તેની માંગ કરે છે.

(C) સમાજ તેની માંગ કરે છે. (D) તે સૌને માટે સારું છે.

46. Environmental education should be given to students, when :

(A) they are adults

(B) they ask for it

(C) newspapers carry advertisements

(D) it is appropriate

પર્યાવરણ શિક્ષણ બાળકોને ત્યારે આપવું જોઈએ, જ્યારે

(A) તેઓ પુખ્ત બને.

(B) તેઓ તેની માગણી કરે.

(C) વર્તમાન પત્રોમાં જાહેરાતો આવે.

(D) તે યોગ્ય હોય.

47. Environmental education should be offered at schools, because here :

(A) it could be taken up as a problem

(B) it may be made part of a project

(C) it could become a regular activity of school

(D) all the above three are possible

પર્યાવરણ શિક્ષણ શાળામાં આપવું જોઈએ, કારણ કે અહીં

(A) તેને એક સમસ્યા તરીકે હાથ ધરી શકાય.

(B) તેને પ્રોજેક્ટનો એક ભાગ બનાવી શકાય.

(C) તે શાળાની નિયમિત પ્રવૃત્તિ બની શકે.

(D) ઉપરનાં ત્રણે શકય છે.

48. The first step in Environmental Education is to make :

(A) a steering committee (B) a citizens' committee

(C) both (D) neither

પર્યાવરણ શિક્ષણના પ્રથમ સોપાનમાં શાની રચના થાય છે ?

(A) નિયામક સમિતિ (B) નાગરિકોની સમિતિ

(C) બન્ને (D) એક પણ નહિ

49. Environmental Education through a committee can be best used :

(A) for landscaping community sites

(B) for beautification of the sites

(C) for developing the sites as natural outdoor recreation areas

(D) for all the three

સમિતિ દ્વારા પર્યાવરણ શિક્ષણનો સર્વોત્તમ ઉપયોગ શાના માટે થઈ શકે ?

(A) સ્થાનિક સમાજની જગ્યાઓને કુદરતી દૃશ્યોવાળી બનાવવા

(B) સ્થાનિક સમાજની જગ્યાઓને સુન્દર બનાવવા

(C) સ્થાનિક સમાજની જગ્યાઓને મેદાનોમાં મનોરંજનના પ્રાકૃતિક વિસ્તારો બનાવવા

(D) ઉપરનાં ત્રણેય માટે

50. Environmental Education is not possible without involving students, because :

(A) they are a party of this exercise

(B) they know how to develop certain sites

(C) it is necessary for showcase purpose

(D) all this is part of environmental management practices

વિદ્યાર્થીઓને સામેલ કર્યા વગર પર્યાવરણ શિક્ષણ શક્ય નથી, કારણ કે

(A) તેઓ આ પ્રવૃત્તિનો એક પક્ષ છે.

(B) કેટલીક જગ્યાઓ કેમ વિકસાવવી તે તેઓ જાણે છે.

(C) દેખાવ કરવાના હેતુ માટે તે જરૂરી છે.

(D) આ બધું પર્યાવરણના સંચાલનના વ્યવહારોના ભાગરૂપ છે.

## ROUGH WORK

## ROUGH WORK

SEAL